તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૩૯ | ૧૦ નવેમ્બર, ૨૦૧૬, ગુરૂવાર ; કારતક સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
1


# ડૉનાલ્ડ ટ્રમ્પનો જ્વલંત વિજય

## અમેરિકી ચૂંટણીમાં ટ્રમ્પે હિલેરીને પછડાટ આપી, સર્વે ખોટા પુરવાર : અબજોપતિ કારોબારી ટ્રમ્પ વિશ્વના સૌથી શક્તિશાળી દેશના પ્રમુખ : અમેરિકી નાગરિકો સત્તા પરિવર્તન ઈચ્છી રહ્યા હતા




વોશિગ્ટન,તા. ૯

રીપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના આગામી પ્રમુખ બનશે. છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો આની સાથે જ અંત આવ્યો હતો. ડેમોક્રેટ ઉમેદવાર હિલેરી ક્લિન્ટનને પછડાટ આપીને ટ્રમ્પે અમેરિકામાં ઈતિહાસ સર્જ્યો છે. આજે સવારે મતગણતરીની પ્રક્રિયા યોજાયા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે હિલેરીને મોટા અંતરથી હાર આપી હતી. અબજોપતિ કારોબારી ટ્રમ્પે હાલમાં જ રાજકારણમાં એન્ટ્રી કરી હતી. ટ્રમ્પે ૨૯થી વધુ રાજ્યો અને હિલેરીએ ૧૮થી વધુ રાજ્યોમાં જીત મેળવી છે. તમામ ચૂંટણી સર્વેને ઉંધા વાળી દઈને ડોનાલ્ડ ટ્રમ્પે તમામને ચોંકાવી દીધા છે. આની સાથે જ ટ્રમ્પ વિશ્વના સૌથી શક્તિશાળી દેશ અમેરિકાના ૪૫માં પ્રમુખ બનશે. બીજી બાજુ અમેરિકાની પ્રથમ મહિલા પ્રમુખ બનવાનું હિલેરીનું સ્વપ્ન રોળાઈ ગયું હતું. હિલેરીએ પણ ફોન કરીને ડોનાલ્ડ ટ્રમ્પને શુભેચ્છા પાઠવી હતી. ટ્રમ્પે પણ હિલેરીની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે હિલેરીએ ખૂબ સારી

● અનુસંધાન પાન-૭ પર

## આજે અને કાલે બેંકો સવારે ૮ થી રાત્રિના ૮ દરમિયાન ચાલુ રહેશે, શનિવારે પણ ચાલુ રહેશે

નવી દિલ્હી, તા. ૯

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની યાદી મુજબ દેશભરની તમામ બેકો તા. ૧૦ અને ૧૧ નવેમ્બર સવારે ૮ થી રાત્રિના ૮ સુધી ગ્રાહકોની સુવિધા માટે ખુલ્લી રહેશે. આ ઉપરાંત બીજા શનિવારે તા. ૧૨મી નવેમ્બરના રોજ પણ બેંકો રોજીંદી કાર્યવાહી માટે ચાલુ રહેશે.

ગ્રાહકોની સુવિધા માટે સમય વધારવાના અભિગમ સાથે તમામ સ્ટાફને પણ ઉપસ્થિત રહેવા તાકિદ કરાઈ છે.

## શુક્રવાર મધ્યરાત્રિ સુધી દેશના તમામ હાઈવે ટોલ-ફ્રી

નવી દિલ્હી, તા.૯

કેન્દ્રીય પરિવહન મંત્રી નિતીન ગડકરીએ ૫૦૦ અને ૧૦૦૦ની નોટોના પ્રતિબંધને પગલે નેશનલ હાઈવે પર ટોલ ટેક્ષના મામલે સર્જાતી હાલાકીના ઉપાય માટે દેશના તમામ નેશનલ હાઈવે ટોલ ટેક્ષમાં શુક્રવારની મધ્યરાત્રિ સુધી ટેક્ષ-ફ્રી કરાયા છે.

## આવતીકાલથી નવી નોટો ચલણમાં આવશે : બેંકોમાં નોટ ઠલવાઈ

### રૂપિયા ૫૦૦ અને ૨૦૦૦ની નોટને લઈને ઉત્સુકતા : નવા નોટની કોપી કરવાની બાબત મુશ્કેલરૂપ : બેંક શાખાઓથી ૧૦ હજાર રૂપિયા મોડેથી ઉપાડી શકાશે




નવી દિલ્હી,તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે રાત્રે ૫૦૦ અને ૧૦૦૦ની નોટને બંધ કરી દેવાની જાહેરાત કર્યા બાદ હવે ૧૧મી નવેમ્બરથી ૫૦૦ અને ૨૦૦૦ની નવી નોટ બજારમાં આવી રહી છે. જુના ૫૦૦ અને ૧૦૦૦ના નોટને બંધ કરી દેવામાં આવ્યા બાદ આને ભ્રષ્ટાચાર સામેની એક મોટી અને ઐતિહાસિક લડાઈ તરીકે ગણવામાં આવે છે. નવી નોટમાં સુરક્ષા પાસાને ખાસ રીતે ધ્યાનમાં લેવામાં આવ્યા છે. નવી નોટ વર્તમાન

● અનુસંધાન પાન-૭ પર

# પ્રતિબંધના પગલે જનજીવનને માઠી અસર

## જીવન જરૂરી ચીજવસ્તુઓ ખરીદવા માટે લોકોને ભારે મુશ્કેલી : શાકભાજી, દુધ અને અન્ય વસ્તુ ખરીદવાને લઈને તકલીફ : અંતિમ સંસ્કાર માટે લાકડા ખરીદી માટે મુશ્કેલી

નવી દિલ્હી,તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે એકાએક રૂપિયા ૫૦૦ અને રૂપિયા ૧૦૦૦ની નોટને તાત્કાલિક અસરથી બંધ કરવાની જાહેરાત કર્યા બાદ આજે તેની અસર સીધી રીતે જોવા મળી હતી. લોકો ભારે અસમંજસની સ્થિતીમાં રહ્યા હતા. ૫૦૦ અને ૧૦૦૦ની નોટથી વહેલી તકે છુટકારો મેળવી લેવાના પ્રયાસ લોકો દ્વારા મોડી રાતથી શરૂ કરવામાં આવ્યા હતા. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યા બાદ સવારથી જ સામાન્ય જનજીવન ઉપર તેની અસર જોવા લાગી હતી. આજે બેન્ક પણ પબ્લિક સર્વિસ માટે બંધ રહ્યા હતા. આવી સ્થિતિમાં લોકોની પાસે ૧૦૦, ૫૦ અને તેનાથી ઓછા દરની નોટ ન હોવાની બાબત મુશ્કેલીરૂપ બની ગઈ હતી. કોઈ જગ્યાએ કોઈને રેલવે ટિકિટ મળી શકી ન હતી. કોઈને પોતાના પરિવારના સભ્યો માટે અંતિમ સંસ્કાર માટે લાકડા પણ ખરીદી શકવાની તક મળી ન હતી. નોટ પર પ્રતિબંધના કારણે ભારે અફરાતફરી રહી હતી. વારાણસીના અંતિમ સંસ્કારમાં અડચણો આવી હતી. કાશીના મણીકરણીકા અને હરીશચંદ્ર ઘાટ ઉપર ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ થવાના લીધે મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે લાકડાની ખરીદીમાં લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો

● અનુસંધાન પાન-૭ પર

## નોટ બંધ થવાથી ડરવાની જરૂર નથી, વિકલ્પ છે...

નવી દિલ્હી,તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે એકાએક રૂપિયા ૫૦૦ અને રૂપિયા ૧૦૦૦ની નોટને તાત્કાલિક અસરથી બંધ કરવાની જાહેરાત કર્યા બાદ આજે તેની અસર સીધી રીતે જોવા મળી હતી. લોકો ભારે અસમંજસની સ્થિતીમાં રહ્યા હતા. ૫૦૦ અને ૧૦૦૦ની નોટથી વહેલી તકે છુટકારો મેળવી લેવાના પ્રયાસ લોકો દ્વારા મોડી રાતથી શરૂ કરવામાં આવ્યા હતા. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પડી છે તો ડરવાની વાત નથી. ઉપાય નીચે મુજબ છે.

- જૂની નોટ પડી છે તો શાંતિ રાખીને બેંક અથવા પોસ્ટ ઓફિસમાં જમા કરવા માટે ૫૦ દિવસનો સમય છે. બાકી નોટ અને સીક્કા પહેલાની જેમ અમલી રહેશે.
- સરકાર તરફથી મેડિકલ ઈમરજન્સી જેવી સ્થિતિ માટે છૂટ આપવામાં આવી છે. ૧૧મી નવેમ્બરની અડધી રાત સુધી સરકારી હોસ્પિટલમાં ૫૦૦ અને ૧૦૦૦ની નોટ સ્વીકારી લેવામાં આવશે. આ ગાળા દરમિયાન સરકારી હોસ્પિટલમાં તબીબોની પરચી દર્શાવીને દવા ખરીદવા માટે જૂની નોટ લઈ શકાશે.
- રેલવે ટિકિટ બુકીંગ અને વિમાની યાત્રા બુકીંગ માટે જૂની નોટનો ઉપયોગ ૭૨ કલાક સુધી થશે.
- આંતરરાષ્ટ્રીય વિમાની મથક પર વિદેશથી આવનાર અને વિદેશ જનાર યાત્રીઓ માટે પાંચ હજાર રૂપિયાના મૂલ્યના જૂના નોટ બદલી આપવાની સુવિધા રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

## નોટ જમા કરવા ઉપર ટેક્સમાંથી મુક્તિ મળશે નહિ : અરૂણ જેટલી

### ઘર ખર્ચ માટે ૫૦ હજાર જેવી રકમ ઘરમાં રાખનારને, ખેડૂત, ગૃહિણીને ચિંતાની જરૂર નથી : જેટલીની ખાતરી




નવી દિલ્હી, તા. ૯

નાણામંત્રી અરૂણ જેટલીએ આજે કહ્યું હતું કે બેન્ક ખાતાઓમાં હવે નિષ્ક્રિય કરી દેવામાં આવેલા જૂના રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ જમા કરવાથી ટેક્સમાંથી કોઈ મુક્તિ મળશે નહીં. કાયદાની રીતે પગલાં લેવામાં આવશે. આવા નાણાંના સોર્સ ઉપર માહિતી મેળવવાના પ્રયાસ

● અનુસંધાન પાન-૭ પર








ધ્યેય કરીઅર એકેડમી
PSI બેચ વર્ગ-૩ની તમામ ભરતીઓનું
નિષ્ણાત તજજ્ઞો દ્વારા અંગત કોચીંગ
ડેમો લેક્ચર - તા. ૧૧/૧૧/૨૦૧૬ સવારે ૯-૦ કલાકે
ફી માત્ર રૂ. 10,000
પ્લોટ નં. ૬૫૪, ગાયત્રી હોસ્પિટલ પાછળ, ગ-૨, સેક્ટર-૬/બી, ગાંધીનગર. મો. ૭૯૯૦૯૬૩૨૩૦, ૮૦૦૦૦૭૩૪૨૩

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651